ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં વરસાદી માહોલ વચ્ચે નજીવો વરસાદ

## રાજ્યભરમાં ભારે વરસાદ નોંધાયો જ્યારે ગાંધીનગરમાં માત્ર ૨ મી.મી. વરસાદ નોંધાયો





ગાંધીનગર, તા. ૧૯

આ વર્ષે ચોમાસાએ આખા રાજ્યને ખરા અર્થમાં ઘમરોળ્યુ છે. ચારેકોર પાણી જ પાણી જોવા મળે તેવો વરસાદ વરસી રહ્યો છે. બે દિવસથી શરૂ થયેલા વરસાદના ત્રીજા રાઉન્ડમાં શહેરમાં વરસાદી વાતાવરણ છવાયુ છે પરંતુ નોંધપાત્ર વરસાદ વરસ્યો નથી. ગઈકાલ સાંજથી અત્યાર સુધી શહેરમાં માત્ર બે મી.મી. વરસાદ નોંધાયો હતો.

સમગ્ર ગુજરાતમાં હાલમાં ખુબ વરસાદ વરસી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં બારે મેઘ ખાંગા થયા હોય તેવો વરસાદ વરસી રહ્યો છે. નદીઓના જળસ્તર વધી જતાં ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ઘુસી ગયા છે. ગાંધીનગર શહેરમાં પણ છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ છવાયો છે. આકાશમાં ક્યારેક કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવે છે. એવુ લાગે કે હમણાં જ વરસાદ તુટી પડશે પરંતુ વસાહતીઓને તો માત્ર ઝરમર વરસાદથી જ સંતોષ માનવો પડ્યો હતો. ગાંધીનગર શહેરમાં આજે સવારે વરસાદી વાતાવરણ રહ્યા બાદ બપોરે વાદળો ઓછા થઈ જતાં થોડીકવાર માટે તડકો નીકળ્યો હતો. જો કે તડકો નીકળતા ભયંકર બફારો અનુભવાયો હતો. પરસેવે રેબઝેબ થઈ જવાય એટલો બફારો લાગતો હતો. જો કે બપોર બાદ પુનઃ આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. ઝરમર વરસાદ વરસવો શરૂ થયો હતો. જેના કારણે વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી.

આજે શહેરના કેટલાક વિસ્તારોમાં સારૂ એવુ ઝાંપટુ પડ્યુ હતુ. જો કે વરસાદ બહુ નોંધાયો ન હતો પરંતુ વરસાદી વાતાવરણની મોજ સૌ કોઈએ માણી હતી. છેલ્લા ૨૪ કલાકમાં માત્ર બે મીમી વરસાદ નોંધાતા સિઝનનો કુલ વરસાદ હજુ સુધી ૩૭૭ મી.મી. નોધાયો છે.

# ગુજરાતના બે રાજ્યપાલોએ ગુજરાતીને પ્રકૃતિ સાથે જોડવાનું છેડેલુ અભિયાન અદ્‌ભુત

## રાજકારણ નહિ પણ પ્રજાકારણ અને પ્રજાકલ્યાણની અનોખી પહેલ સ્વ. આર.કે. ત્રિવેદી અને આચાર્ય દેવવ્રતે જગાવી છે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર એટલે વહીવટીય નગર. આ નગરમાં આમ તો નીતિઓ ઘડાય અને નીતિઓના અમલીકરણનું મોનીટરીંગ થાય એવી છાપ સામાન્ય જનમાનસમાં રહેલી છે.

આ નગરમાંથી આખા રાજ્યમાં જાગૃત્તિનો એક અનોખો સંચાર થતો હોય છે. આ નગરમાં આવેલ રાજભવન એ પણ આવી જાગૃત્તિના સંચાર કેન્દ્રનું એક આગવી ઓળખ ઉભી કરનારૂ બની રહ્યુ છે.

ગુજરાતના રાજ્યપાલ પદે બિરાજમાન થનાર મહાનુભાવોમાં શ્રીમન્ન નારાયણ અને શારદા મુખરજી, કે.કે. વિશ્વનાથને શિક્ષણનો વ્યાપ વધારવા સાથે આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવા માટેના કરાયેલા પ્રયાસો આજે પણ લોકમાનસમાં એટલા જ અંકિત થયેલા છે.

રાજ્યપાલ પદે રહેલા પ્રો. ઓમપ્રકાશ કોહલીએ રાજભવનના કર્મચારીના બાળકોના શિક્ષણ માટે શરૂ કરેલી અંગ્રેજી પાઠશાળા આજે પણ એટલી જ સરાહનીય છે.

**સમયસર**
**- પ્રકાશ જહા**

જો કે આજે વાત ગુજરાતના એવા બે રાજ્યપાલ મહોદય માટે કરવાની ઈચ્છા થાય છે કે તેમણે ગુજરાતની મહાજન પરંપરાને જાણી-પિછાણી અને પછી ગુજરાતની જનતાને પ્રકૃત્તિ સાથે અનોખી રીતે જોડવાનું અભિયાન છેડ્યુ હતુ અને ગુજરાત આ માટે તેમને ક્યારેય વિસરી નહિ શકે.

૧૯૮૬થી ૧૯૯૦ના ગાળામાં રાજ્યના રાજ્યપાલ પદે સેવા આપનાર પૂર્વ ચૂંટણી કમિશનર આર.કે. ત્રિવેદી અને હાલ રાજ્યમાં રાજ્યપાલ તરીકે સેવાઓ આપી રહેલ આચાર્ય દેવવ્રતની વાત છે.

સ્વ. આર.કે. ત્રિવેદીએ ગુજરાતમાં યોજાતો વન મહોત્સવને લોકોત્સવમાં રૂપાંતરિત કરવા માટે આપેલુ યોગદાન અવર્ણનીય છે. તમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવાની વાત લઈને જાવ એટલે તમને એક જ મિનિટમાં તેની સ્વીકૃત્તિની જાણ કરવામાં આવે. ગાંધીનગર શહેરને ગ્રીનસીટી બનાવવાનો શ્રેય તેમને પણ એટલો જ છે. ખાસ કરીને કોબા ગાંધીનગર રોડ પરના વૃક્ષો, ગાંધીનગર રાંધેજા-રૂપાલ માર્ગ પરના વૃક્ષો તેમજ શહેરમાં કાળક્રમે લુપ્ત થયેલ ઈન્દિરા ગાંધી વન અને મહાત્મા મંદિર તરફ જતા સેન્ટ્રલ વિસ્ટાના માર્ગ પરના વૃક્ષોને લહેરાતા જોઈએ એટલે તેમની યાદ આવ્યા વિના રહે જ નહિ.

ગુજરાતમાં ગ્રિનરી વધે તે માટે રાજ્યભરમાં ભ્રમણ કર્યુ હતુ એટલુ જ નહિ સરકારી કાર્યક્રમોમાં વૃક્ષારોપણ થવુ જોઈએ તે પરંપરા તેમને ઉભી કરી હતી.

હવે રહી વાત વર્તમાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની. આચાર્ય સાહેબે ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીની એક આહલેક જગાવી છે. તેઓ ગૌ આધારિત ખેતીના બહુ મોટા હિમાયતી છે. તેમણે ગાયના ગોબરમાં રહેલા સૂક્ષ્મજીવો અને તેનાથી માનવશરીરને મળતા ચોખ્ખા અનાજને લઈ આખી પ્રાકૃતિક ખેતીની એક અનોખી પદ્ધતિ થકી રાજ્યભરમાં ખેડૂતોમાં જાગૃત્તિનો જોક અનોખો સંચાર કર્યો છે.

રાજ્યપાલશ્રીએ રાજનીતિ નહિ પણ સમૃદ્ધ કૃષિ માટેની આહલેક જગાવી છે. તેમને જ આપેલી વિગતો મુજબ રાજ્યની ૫૨૦૦ થી વધુ ગ્રામ પંચાયતોમાં ૭૫ ખેડૂતો દ્વારા પ્રાકૃત્તિક ખેતીનો કરાયેલો નિર્ણય એટલુ જ નહિ તેના પ્રયોગો પણ શરૂ થયા છે તેમજ હજુ

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામ-માણસા તાલુકામાં દિવસ દરમ્યાન અર્ધો ઈંચથી વધુ વરસાદ

## દહેગામના લિહોડામાં વીજળી પડતાં વીજ મીટરો ફાટ્યા હોવાથી ચકચાર

ગાંધીનગર, તા. ૧૯

આજથી ૨૩ જુલાઈ સુધી વરસાદી માહોલના હવામાન પૂર્વાનુમાનને પગલે જિલ્લાના ત્રણેય તાલુકામાં આજે હળવો વરસાદ નોંધાયો હતો.

સવારે ૬ થી રાત્રિના ૮ દરમ્યાન થયેલા વરસાદમાં માણસા અને દહેગામ તાલુકામાં અડધા ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. તો ગાંધીનગર તાલુકામાં માત્ર ૨ મી.મી. વરસાદ નોંધાયો છે.

આજે સવારથી આકાશ વાદળછાયુ અને ગોરંભાયેલુ જોવા મળતુ હતુ. જોકે આજે ગાંધીનગરમાં તબક્કાવાર વરસાદના હવા ઝાપટા થયા હતા. જો કે માણસા અને દહેગામમાં બપોર પછી વરસાદ નોંધાયો હતો.

આજે સપ્તાહ જેટલા સમયના વરાપ પછી થયેલા વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો. ખરીફ વાવણી માટે આજે નોંધાયેલો હળવો વરસાદ કાચા સોના જેવો બની રહ્યો હોવાનું ખેડૂતો કહી રહ્યા હતા.

જિલ્લામાં ૨૦મીએ મધ્યમથી ભારે વરસાદ થવાનું પૂર્વાનુમાન છે. તંત્રએ પણ આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પૂરતી તૈયારીઓ કરી રાખી છે.

મળતા અહેવાલો મુજબ દહેગામ તાલુકાના લિહોડા ગામે સાંજના સુમારે ગામના અંબેવાસમાં વીજળી પડી હતી. એક ઘરનું બાંધકામ ચાલતુ હતુ અને ત્યાં વીજળી પડી હતી. આ પછી ત્યાં વરસાદની રમઝટ શરૂ થઈ ગઈ હતી. ગામના અગ્રણી વિશાલભાઈના જણાવ્યાનુસાર વીજળી પડવાને લીધે દિવાલની ઈંટો તુટીને દૂર દૂર સુધી પડી ગઈ હતી અને ઘરની બાજુમાં જીઈબીના વાયર અને થાંભલો આવેલો છે તેના કારણે વીજળી પડવાની અસર છેક ડીપી સુધી થતાં લાઈટો ડુલ થઈ ગઈ હતી તેમજ વાસના કેટલાક ઘરોમાં વીજ મીટરો પણ ફાટી ગયા હતા.

# શહેરમાં ૨૪ કલાક પાણીના સપ્લાય માટે ૧૦ પંપ ઓટોમેટિક ઓપરેટ થશે

## પાણીની જરૂરિયાત મુજબ પંપ ઓન ઓફ થશે

શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના સંદર્ભે નવી લાઈન નાખવાનું કામ ચાલી રહ્યું છે જ્યારે પાણી વિતરણની વ્યવસ્થામાં કોમ્પ્યુટરાઈઝ્ડ સ્કાડા સિસ્ટમ અમલી કરવામાં આવશે આ સિસ્ટમ અન્વયે ૧૦ પમ્પ મૂકવામાં આવ્યા છે. જ્યારે આ પંપ પ્રેસરની જરૂરિયાત મુજબ ઓટોમેટિક મોડમાં કાર્યરત રહેશે જ્યારે એની રીતે જ ઓન ઓફ થશે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે જ્યારે પાણીના દબાણમાં અવરોધને અટકાવવા ફલેકસીબલ પાઈપ નાખવામાં આવી છે

આ પ્રોજેક્ટ અન્વયે થોડા દિવસ અગાઉ જૂના સેક્ટેર માં ટેસ્ટિંગ કરવામાં આવ્યુ હતું. આ દરમિયાન એક જ પમ્પનો ઉપયોગ કરાયો હતો જ્યારે આ તબ્બકે પંપ ને મેન્યુઅલ પદ્ધતિથી ચાલુ કે બંધ કરવામાં આવ્યો હતો. ખોદકામના અંતે નાખવામાં આવેલી નવી લાઈનોમાં તેના ફીટિંગ દરમિયાન પડેલા માટી કચરાને ધ્યાનમાં રાખી ટેસ્ટિંગ ની પ્રક્રિયા માં પાણીનો ફોર્સ પણ ઓછો રાખવામાં આવ્યો હતો યોગ્ય રીતે આયોજન મુજબ સપ્લાય મળી રહે છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવી હતી. આગામી દિવસોમાં અન્ય સેક્ટરોમા પણ તબક્કાવાર ટેસ્ટિંગ કરવામાં આવશે. મેઈન લૂપ લાઈનથી લઈને સેક્ટરમાં બિછાવેલી આંતરિક લાઈનો અને ઘરપ સુધીના જોડાણની પાઈપ લાઈનમાં લીકેજીસ કે કોઈ ક્ષતિ સહિત મીટર યોગ્ય રીતે કાર્યરત હોવાની વાતે ચકાસણી કરવામાં આવશે. જ્યારે કામગીરીના અંતે સેક્ટર વાઈઝ રિયલ ચેક કરવામાં આવશે શહેરના

● અનુસંધાન પાન-૭ પર

# જી.ટી.યુ.ના ગ્રીન કોન્સેપ્ટ બિલ્ડીંગ સંકુલમાં ૫ હજાર વૃક્ષોની વાવણી કરાશે

## લીંબડો, પીપળ, ગુલમહોર ઉપરાંત અરડુસી અશ્વગંધા અને આમળા ગિલોય ના વૃક્ષો પણ ઉછેરવામાં આવશે : લેકાવડામાં રાજ્યની સૌથી મોટી ટેકનિકલ યુનિવર્સિટીનું બિલ્ડિંગનું કામ પ્રગતિ હેઠળ

ગાંધીનગર, તા.૧૯

રાજ્યની સૌથી મોટી ટેક્નોલોજીક યુનિવર્સિટી જીટીયુ, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના ગ્રીન બિલ્ડીંગ અને કેમ્પસ માટે ગાંધીનગરના લેકાવાડામાં ૧૦૦ એકર જમીન ફાળવાઈ છે. ગત તા ૨૭ સપ્ટેમ્બરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું નવા બિલ્ડીંગનું બાંધકામ રૂપિયા ૨૭૫ કરોડના ખર્ચે બે વર્ષમાં પુર્ણ કરવાનો લક્ષ્યાંક પણ રાખવામાં આવ્યો છે. જ્યારે આ યોજનાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી માટેનું કેમ્પસ ગ્રીન રેટીંગ ફોર ઈન્ટીગ્રેટેડ હેબિટેટ એસેસમેન્ટના ધોરણો અનુસાર સંપૂર્ણ ગ્રીન બિલ્ડિંગની થીમ પર બનાવવા આયોજન કરાયું છે. જેમાં ૧૭થી વધુ ભવનોનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે જેમાં સ્કૂલ ઑફ એન્જિનિયરીંગ, ફાર્મસી, મેનેજમેન્ટ ઉપરાંત એડમીન બિલ્ડિંગ, પરીક્ષા ભવન અને ડેટા સેન્ટર, ગર્લ્સ અને બોય્ઝ હોસ્ટેલ, અદ્યતન સેન્ટ્રલ લાઈબ્રેરી, કુલપતિ અને કુલસચીવના બંગ્લોઝ, ક્લાસ ૨ અને ૩ કેટેગરીના સ્ટાફ ક્વાટર્સ, કાફેટેરીયા, ફાર્મસીના રીસર્ચ સંબધીત એનિમલ હાઉસનો સમાવેશ થશે.

એટીએમ અને પોસ્ટ ઓફિસની સુવિધા પણ ઉપલબ્ધ કરાશે વધુમાં વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક પ્રવૃત્તિને વેગ મળે તે માટે અદ્યતન ઓડિટોરીયમ અને સ્પોર્ટ્સ સ્ટેડિયમ બનાવવાનું આયોજન કરાયું છે

જ્યારે ગ્રીન બિલ્ડિંગની થીમ પર તૈયાર થનારા કેમ્પસ અંદાજીત ૫૦૦૦થી વધુ વૃક્ષોથી આચ્છાદિત હશે. જેમાં લિમડો, પીપળો, વડ, બોરસલી, ગુલમહોર, આંબલી વગેરે વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.

આ ઉપરાંત ૨૦૦૦ સ્કેવર મીટરના ક્ષેત્રફળમાં આયુર્વેદીક ઔષધી પ્લાન્ટ પણ વાવવામાં આવશે. જેમાં અરડૂસી, અશ્વગંધા, આમળા, ગીલોય, જાંબુ વગેરે જેવા ઔષધીય છોડ અને વૃક્ષોનો સમાવેશ કરવામાં આવશે.પ્રદૂષણ મુક્ત પ્રાકૃતિક વાતાવરણ માટે પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્ત્રોતનો ઉપયોગ કરવા ભવનો પર ૧૮૦૦૦ સ્ક્વેર મીટરમાં સોલાર પેનલ લગાવીને કેમ્પસને સોલર લાઈટથી સંચાલિત કરાશે.

# મનપાની કચેરીમાં ફાયર એલાર્મ વાગતાં જ દોડધામ મચી જવા પામી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મનપામાં આજે બપોરે ૩.૪૦ના સુમારે એકાએક ફાયર એલાર્મ રણકતાં મનપાની કચેરીમાં દોડધામ મચી જવા પામી હતી.

અગરબત્તીનું છૂટક વેચાણ કરી રોજગારી મેળવતા એક ભાઈ આજે મનપાની કચેરીમાં વેચાણ માટે આવ્યા હતા. આ ભાઈ પાસેથી અગરબત્તી ખરીદી અને તેમાંથી ભાઈના કહેવા પ્રમાણેની સુગંધ આવે છે કે નહી તે માટે ટેસ્ટ કરી અગરબત્તી સળગાવી ધૂપ કરવા જતાં સ્મોક કેચ કરતી મુકાયેલ એલાર્મ એકાએક રણકી ઉઠી હતી.

ફાયરબ્રિગેડ કચેરીની આગળના ભાગમાં જ ફાયર સ્ટેશન છે. આખા બિલ્ડીંગમાં ગુંજી ઉઠેલ એલાર્મથી બધા કર્મચારીઓ દોડતા થયા હતા. જોકે અગરબત્તીથી કરાયેલ ધૂપને પગલે આ એલાર્મ રણકી ઉઠી હોવાનું જણાતાં બધાએ રાહતનો શ્વાસ લીધો હતો.

ગાંધીનગર મનપામાં ફાયર એલાર્મ વાગી ઉઠવાની ઘટના બીજીવાર બની છે. અગાઉ પણ આવી ઘટના ઓફિસ શરૂ થવાના સમયે નોંધાઈ હતી અને તેમાં પણ આજ તારણ સામે આવ્યુ હતુ જે નોંધનીય છે.

ગાંધીનગર મનપામાં સ્મોક કેચર સેન્સર મુકવામાં આવેલુ છે એટલે આમાં સ્હેજ પણ ધુમાડો પકડાય એટલે એલાર્મ રણકી ઉઠે છે.

# મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત આરોગ્યતંત્રએ ખાસ સર્વેની કામગીરી હાથ ધરી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત હાથ ધરવામાં આવનાર રસીકરણના કાર્યક્રમ સંદર્ભે આરોગ્યતંત્ર દ્વારા ખાસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા બાળકોમાં જો કોઈ વેક્સીનેશન કાર્યક્રમ ચુકાઈ ગયો હોય અને વેક્સીન આપવાની બાકી હોય તો આ ઈન્દ્રધનુષ મિશન અંતર્ગત આવા બાળકોને આ વેક્સીનનો ડોઝ આપવામાં આવે છે. મિશન ઈન્દ્રધનુષની યોજના ભારત સરકારના સહયોગથી હાથ ધરવામાં આવે છે. દર વર્ષે આ વેક્સીનેશન કાર્યક્રમ છેલ્લા પાંચેક વર્ષથી યોજાઈ રહ્યો છે.

શહેર-જિલ્લામાં આગામી દિવસોમાં આ અભિયાન હાથ ધરવાનું હોવાથી તેના આયોજનની બેઠક થઈ ગઈ છે. તેમાં રાજ્ય સરકારે નવેસરથી આ અંગે સર્વે કરી ૨૫ મી જુલાઈ સુધીમાં રિપોર્ટ આપવાની આપેલી સૂચનાને પગલે તંત્ર દ્વારા આ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આશા બહેનો અને ફિમેલ હેલ્થવર્કરો દ્વારા આ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પછી પ્રાપ્ત થયેલ પરિણામોને અંતે જરૂરિયાત મુજબનો રસીનો જથ્થો મગાવવામાં આવશે અને રસીકરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

સર્વે માટેની કામગીરી શરૂ થઈ ચુકી છે અને તે માટે વિવિધ સ્થાનોએથી રિપોર્ટ પણ મળવાના શરૂ થયાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. ખાસ કરીને શ્રમિક પરિવારોમાં સ્થળાંતરને કારણે વેક્સીનના ડોઝ સમયસર લેવામાં નહિ આવતા હોવાનું જણાયુ છે તેથી આ વિસ્તારોને સર્વેમાં અગ્રતા અપાશે.

# હવે વિવિધ કક્ષાના આવાસો મામલે દાખલ થયેલા કોર્ટ કેસોનો ઝડપથી નિકાલ થશે

## માત્ર કેસોના નિકાલ માટે અધિકારીને ખાસ જવાબદારી સોંપાઈ હાલ પણ અંદાજિત ૩૫૦ કેસ પેન્ડિંગ

શહેરના સેક્ટારોમાં સ્થિત વિવિધ કેટેગરીના આવાસો માં નિવૃત્તિ અને બદલી બાદ પણ અનધિકૃત કબ્જો હોવાની ફરીયાદો ઉઠતી રહે છે . પેટા ભાડુઆત પણ આવાસ માં રહેતા હોવાનું અગાઉ સ્પષ્ટ થયું છે હાલ ની સ્થિતિએ પણ ૪૦૦ પૈકી ૩૫૦ જેટલા કેસ પેન્ડિંગ છે જેનો ત્વરિત નિકાલ અનિવાર્ય હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે જો કે આ માટે ખાસ અધિકારીની પણ નિમણુક કરવામાં આવી છે જેથી હવે આ કેસોનો ઝડપી નિકાલ થશે

ઈવીક્શન કોર્ટમાં જિલ્લા તંત્રના મહેસૂલી અધિકારી દ્વારા જ આ પ્રકારના કેસોનો નિકાલ કરવામાં આવતો હોય છે . પરંતુ આ અધિકારી પાસે ઈવીક્શનના કેસની કામગીરી ઉપરાંત વિશેષ કામગીરી મહેસૂલી વિભાગની પણ હોય છે. જેના લીધે પડતર કેસનો ઝડપથી નિકાલ થતો નથી . ઈવીક્શન કોર્ટ સરકારી તંત્રની અને સરકારી આવાસના કબ્જેદારની દલીલોના અંતે જ કેસ નો નિકાલ કરે છે કોર્ટમાં જેમ વાદી અને પ્રતિવાદીને સાંભળવામાં આવે અને તેના માટે સુનાવણી નિયત કરવામાં આવે તે પ્રમાણેની જ પ્રક્રિયા કરીને કેસના પુરાવાની તપાસ કરવામાં આવે છે

સરકારી આવાસની ફાળવણી અધિકારી, કર્મચારીઓને કરવા ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગો, સંસ્થાઓને પણ વિવિધ કેટેગરીના આવાસો ફાળવવામાં આવ્યા છે કર્મચારીના કિસ્સામાં તેની બદલી થાય, નિવૃત થાય ત્યારે મકાનનો કબ્જો પરત સોંપવાનો હોય છે. જ્યારે અવસાન પામે ત્યારે પરિવારે મકાન પરત કરવાનું રહે છે. પરંતુ ઘણા કિસ્સામાં નિયમનું પાલન કરવામાં આવતુ નથી જેના અંતે તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવામાં આવે છે . આવા કેસનો ત્વરિત નિકાલ કરવા એડિશનલ કલેક્ટર ઈવીક્શન તરીકે જ અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે.

# વાનગી સ્પર્ધાના વિજેતાઓને પહેલીવાર રોકડ પુરસ્કારથી સન્માનિત કરાયા

## જિલ્લાની બહેનોની શીરો અને સુખડી બનાવવાની પધ્ધતિથી જિલ્લા વિકાસ અધિકારી આફરીન થયા






ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે મિલેટ વર્ષની ઉજવણીના ભાગરૂપે મહિલા-બાળ વિકાસ વિભાગ દ્વારા યોજાયેલ શ્રી અન્ન વાનગી સ્પર્ધા અને નિદર્શનમાં વિજેતાઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જિલ્લા પંચાયતના સરદાર હોલમાં યોજાયેલ નિદર્શન અને સ્પર્ધા બાદ વિજેતાઓને જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ તથા આરોગ્ય સમિતિના ચેરમેનના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

વાનગી સ્પર્ધામાં નિર્ણાયકોનો નિર્ણય જાહેર કરાતાં આ વાનગીઓ મહેમાનો સમક્ષ રજુ કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ વિજેતા મહિલા કાર્યકરો પાસેથી વાનગીની રેસીપી મેળવી અને જાણકારી મેળવી હતી. તેમણે એક તબક્કે નિદર્શન દરમ્યાન જિલ્લાની મહિલાઓની સુખડી અને શીરો બનાવવાની પક્કડને લઈ ખુશીની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે તમે આ બહુ ઝડપથી બનાવો છો અને તે પણ સ્વાદિષ્ટ હોય છે.

આ સ્પર્ધામાં ૨૧ સ્પર્ધકોએ તેમની વાનગીઓ રજુ કરી હતી. સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જોઈએ તેવી લાગણી જિલ્લા વિકાસ અધિકારીએ વ્યક્ત કરતાં જ જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે તેમની પ્રમુખ તરીકેની ગ્રાન્ટમાંથી રોકડ પુરસ્કાર આપવાની જાહેરાત કરી હતી જેને સ્પર્ધકો અને આયોજકોએ વધાવી લીધી હતી.

આ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનારને રૂ. ૫૧૦૦, દ્વિતીય સ્થાન મેળવનારને રૂ. ૪૧૦૦ તેમજ તૃતિય સ્થાન મેળવનારને રૂ. ૩૧૦૦નો રોકડ પુરસ્કાર

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com